Tue, 11 Jul-17; Divya Bhaskar - Ahmedabad; Size : 64  sq.cm.; Page : 11

# ICEXને ટ્રેડિંગ કામગીરી ફરી શરૂ કરવા સેબીની લીલી ઝંડી

પીટીઆઇ | નવી દિલ્હી

બજાર નિયામક સેબીએ રિલાયન્સ કેપિટલની માલિકીના ઈન્ડિયન કોમોડિટી એક્સચેન્જને ફરીથી ટ્રેડિંગ કામગીરી શરૂ કરવા માટે અંતિમ મંજૂરી આપી હતી. એક્સચેન્જે કહ્યું હતું કે એ ત્રણ વર્ષના અંતરાલ બાદ અને સેબીના બધા જ નિયમોનું પાલન કરતાં તેની ટ્રેડિંગ કામગીરી આવતા મહિનાને અંતે શરૂ કરશે. ટ્રેડિંગ કામગીરી શરૂ કરવાની અંતિમ મંજૂરી આપવા માટે અમે સેબીનો આભાર માનીએ છીએ અને એક્સચેન્જના ઓગસ્ટ, 2017ના અંત ભાગમાં તેની કામગીરી શરૂ કરશે, એમ ICEXના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ સંજિત પ્રસાદે એક નિવેદનમાં જણાવ્યું હતું. આઈસીઈએક્સ કોમોડિટી આધારિત ઓનલાઈન ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ છે અને એક્સચેન્જે હીરામાં ટ્રેડિંગ કામકાજનો પ્રારંભ કરવા માટે પહેલેથી મંજૂરી મેળવી છે.